BUSINESS મિત્ર Plus

# બજારનો માહોલ મિશ્ર છે, વિવેક બુદ્ધિ રાખીને તેજીના અભિગમ સાથે કામકાજ કરો

**ચાર્ટ એડવાઈઝ** ■ રાજા વેંકટરામન

શુક્રવારે મે સિરિઝની શરૂઆત કરવા માટે ઉત્સાહભર્યા ઓપનીંગ પછી પાર્ટીસિપેશનના અભાવે સપ્તાહ હતાશાભરી નોંધ સાથે પૂરું થયું. જ્યારે નિફ્ટી કેન્ડલ નિફ્ટીમાં કંઇક પોઝિટિવ ચાર્જ જળવાઈ રહેવાનું સૂચવે છે ત્યારે લોફ્ટી વેલ્યુએશન અને માર્ચ ક્વાર્ટરની અનાકર્ષક કમાણીઓ વધારો જળવાઈ રહેવાની તકો ખોરવી શકે છે. વધુમાં મિશ્ર વૈશ્વિક પ્રવાહો પણ લાગણી પર અસર કરી રહ્યા છે.

નીચે દર્શાવેલ ચાર્ટસ દર્શાવે છે કે પ્રવાહોએ સ્પાર્ક જાળવી રાખ્યો છે જેણે ગયા સપ્તાહે સમગ્ર બજારમાં પ્રવાહો જાળવી રાખવામાં મદદ કરી અને તેનાથી નિફ્ટીને સાપ્તાહિક ધોરણે 22500 પર જળવાઈ રહેવામાં મદદ મળી. જ્યારે ખેલાડીઓમાં ખંચકાટ છે ત્યારે આપણને શેર લક્ષી એક્શન જોવા મળી શકે છે. લાગણી પોઝિટિવ રહી છે. તેથી બુલીશ વ્યુ સાથે કામકાજ કરવું શ્રેષ્ઠ છે, જોકે કેટલીક વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને કામકાજ કરવું. બજાર અપેક્ષાઓ મુજબનું રહ્યું જેમાં ઘટાડાઓનો ઉપયોગ ખરીદી માટે કરવામાં આવ્યો.

ડેઇલી ચાર્ટસ પર બહુ સમસ્યાઓ જણાતી નથી જ્યારે કિંમતોમાં નવી ઉંચાઇઓ અને તેની સાથે RSIમાં નવી ઉંચાઇઓ સૂચવે છે કે વીકલી ચાર્ટ પર સ્થિતિ સુધરી રહી છે. હાલમાં ઓપન ઇન્ટરેસ્ટ ડેટા પર જોતા ટ્રેન્ડસ સંકેત આપી રહ્યા છે. કે 22400થી 22200ની આસપાસના લોઅર લેવલો એક સપોર્ટ રિજયન તરીકે કામ કરી રહ્યા છે. યુદ્ધના મોરચેના સમાચારો પણ કંઇક ઠંડા પડ્યા છે જેમણે પણ હાલનો સિનારીયો સુધારવામાં મદદ કરી છે. સપ્તાહમાં ડેઇલી ચાર્ટસ પર લાર્જ બોડી કેન્ડલો દેખાઇ જેણે દર્શાવ્યું કે ભલે સેન્ટીમેન્ટ બુલીશ રહી પણ સપ્તાહના અંત સુધી નિર્ણાયાત્યાંક પગલાઓ ખરેખર દેખાયા નહીં. ગમે તેમ પણ લાગણીઓ પુરતી અપબીટ રહી જેમાં સમોલ અને મિડ-કેપ ઇન્ડીસીસે કંઇક બહેતર દેખાવ કર્યો.

અમારો અભિગમ એવો હતો કે ઇન્ટ્રા વીક ઘટાડાઓ દરમ્યાન બાયર રહેવું અને તો સાચું પુરવાર થયું કારણ કે ઇન્ડેક્સ જે હાયર ગ્રાઉન્ડ પર પહોંચ્યો હતો ત્યાં જળવાઈ રહ્યો અને વધુ ઉંચે જવા પણ પ્રયાસ કર્યો. તેણે 22500-22600 નજીકના ગેપ રેઝિસ્ટન્સ ઝોનની ઉપર જવા પ્રયાસ કર્યો અને અત્યાર સુધીમાં 22700ની ઉંચાઇ સુધી તો પહોંચી ચુક્યો છે. હાયર લેવલોએ સપ્લાયનો અભાવ સૂચવે છે કે બાયરોને તેમની પોઝિશનોમાં વિશ્વાસ છે અને તેમને તેઓ પકડી રાખતા જણાય છે. એક્ટીવ ટ્રેડરો રિએક્શન પર પ્લે કરી શકે છે જો તેઓ ઇચ્છે તો, અને લાંબા ગાળાના ટ્રેડરો રિએક્શન (જો કાંઇ હોય તો) ઉઘડવાની રાહ જોઇ શકે છે અને જ્યાં સુધી દર્શાવેલ સપોર્ટ ગુમાય નહીં ત્યાં સુધી ઘટાડે ખરીદી કરી શકે છે.




ડેઇલી નિફ્ટી ચાર્ટ: સ્ટેડી અપવર્ડ બાયસ ચાલુ રહે છે. અલબત્ત, કેટલીક ખંચકાટ સાથે.

## એનએમડીસી: સીએમપી ૨૫૯.૬૫



ડેઇલી એનએમડીસી: મજબૂત બુલીશનેસ કિંમતોને ઉંચે રાખવાનું ચાલુ રાખે છે

આ સેક્ટરે ખરેખર સારો દેખાવ કર્યો છે અને તેણે સેન્ટિમેન્ટને ફરી બેઠી કરવામાં મદદ કરી છે જ્યારે કિંમતો ઉપર તરફ વધવાનું ચાલુ રાખે છે. ગયા સપ્તાહે આ શેરે તેની કિંમતોને એક નવી લાઇફટાઇમ હાઇ સપાટીને સ્પર્શ કરતી જોઇ. બુલીશ મોમેન્ટમનું ઝડપથી બિલ્ડ અપ થવું એ અપસાઇડની તકોનો સંકેત આપે છે. જ્યારે ટ્રેન્ડસ બંધાવાના ચાલુ છે ત્યારે તે બાબત આ શેરને આગામી સપ્તાહે ૨૬૦ની ઉપર જવામાં મદદ કરી શકે છે. હાલના લેવલે અને ૨૫૬ સુધીના ઘટાડે ૨૭૨ તરફના વધારા માટે ૨૫૨ પર સ્ટોપ રાખીને ખરીદો.

## હાવેલ્સ: બંધ ૧૬૫૫.૯૦




ડેઇલી હાવેલ્સ: બુલીશ બાયસ કિંમતોને ઉંચે રાખવાનું ચાલુ રાખે છે.

એફએમસીજી શેરોમાં માગ ઝડપ પકડી રહી હોવાનું જણાય છે અને તેમાંથી હાવેલ્સ પણ હાયર બ્રેકઆઉટ બતાવી રહ્યો છે. નજીકના ભવિષ્યમાં તે નવી ઉંચાઇઓ બનાવી શકે છે અને આથી અમે તે શેર ૧૬૭૫ તરફના સંભવિત લક્ષ્ય માટે રૂ. ૧૬૧૦નો સ્ટોપ રાખીને ૧૬૨૫-30 નજીકના ઘટાડે ખરીદવાની ભલામણ કરીએ છીએ.

**(લેખક ડો. સી.કે. નારાયણના નેજા હેઠળ 10થી વધુ વર્ષોના અનુભવી છે અને ચાર્ટ વડે દર અઠવાડિયે ચોક્કસ ભલામણ આપશે)**

**ડિસ્કલેમર:** આ ફક્ત ‘ગુજરાતમિત્ર’ના વાચકોની માહિતી માટે છે અને તે કોઇ રોકાણની સલાહ નથી. આ માહિતીના આધારે તમારા દ્વારા લેવાયેલા કોઇ પણ પગલા માટે તમારી જ જવાબદારી રહેશે. ગુજરાતમિત્ર, ચાર્ટ એડવાઇઝ કે તેની સંલગ્ન કંપનીઓ અને કર્મચારીઓ તમારા દ્વારા લેવાયેલા આવા કોઇપણ પગલામાંથી ઉપજતા સંજાગો માટે કોઇ પણ રીતે જવાબદાર રહેશે નહીં.

**શેરબજાર અંગેના પ્રશ્નો લખી મોકલો ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩ના સરનામા પર અથવા ઈ-મેઈલ કરો અમને chartadvise@gujaratmitra.in પર**

# ભારતે વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રનું બિરુદ જાળવી રાખ્યું

**અર્થકારણ-રાજકારણ** — જીતેન્દ્ર સંઘવી

સાત તબક્કામાં યોજનાર લોકસભાની ચૂંટણીઓના ૮૮ બેઠક માટેના બીજા તબક્કામાં ૬૧ ટકા મતદાન (૨૦૧૯મા આ ટકાવારી ૬૯ ટકા હતી) થયું છે. ઓછા મતદાન માટે દેશમાં ચાલી રહેલ હીટવેવ પણ કારણભૂત ગણી શકાય. આમ પ્રથમ બે તબક્કામા ૧૪ રાજ્યો અને કેન્દ્ર-શાસિત પ્રદેશોની ૧૯૦ બેઠકો (લોકસભાની કુલ ૫૪૩ બેઠકો) માટે મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ છે.

ઇવીએમ - વીવીપેટના ઉપયોગની તરફેણમા સુપ્રિમ કોર્ટે ચુકાદો આપતા આ મુદ્દે કાગારોળ મચાવતા વિપક્ષોનો રકાસ થયો છે. ટેકનોલોજીના ઉપયોગથી ઇવીએમ દ્વારા કરાતુ મતદાન બેલટ પેપર દ્વારા કરાતા મતદાન કરતા વધુ સુરક્ષિત અને ગોપનીય છે. તેમ છતાં ઇવીએમના ઉપયોગ વખતે કોઇ ક્ષતિ કે ઉણપ નજરે પડે તો તે સુધારવાનો પ્રયાસ થવો જ જોઇએ. પણ ફરી મતદાન માટે બેલટ પેપર પદ્ધતિના ઉપયોગ તરફ પાછા ફરવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

**ચૂંટણીઓ ખર્ચાળ થતી જાય છે**

તીવ્ર હરિફાઇના આ સમયમાં ચૂંટણીઓ ખર્ચાળ બનતી જાય છે. છેલ્લાં છ વરસમા બધા રાજકીય પક્ષોએ મળીને ગુગલ પર ૩૯૦ કરોડ રૂપિયાની જાહેરાતો આપી છે. રૂપિયા ૧૦૧ કરોડના ખર્ચ સાથે ભાજપ આ બાબતે મોખરે છે. ત્યાર પછી નંબર છે કોંગ્રેસ પક્ષનો (રૂપિયા ૪૫ કરોડ). કેટલાક લોકોની આવક આને કારણે થોડી વધે છે એની ના નહીં.

**ભારતના આર્થિક વિકાસની સ્ટોરી અકબંધ છે**

એપ્રિલ માટેનો કોમ્પોઝીટ પરચેજીંગ મેનેજર્સ ઇન્ડેક્સ (સેવાઓ અને ઉત્પાદન ક્ષેત્ર મળીને) છેલ્લા ૧૪ વરસનો (જૂન ૨૦૧૦ પછીનો) સૌથી ઊંચો છે. તેમા પણ ઉત્પાદન કરતા સેવાના ક્ષેત્રનો ઇન્ડેક્સ ઝડપથી વધી રહ્યો છે.

ડોમેસ્ટીક એર પેસેન્જર્સની સંખ્યાએ (એપ્રિલ ૨૧ના રોજ ૪.૭૧ લાખ) નવો વિક્રમ સ્થાપ્યો છે, તે માટે અમુક વર્ગની વધતી જતી આવક, પ્રતિસ્પર્ધીઓ દ્વારા ઓફર કરાતા વિમાની મુસાફરીના ભાડા, પ્રથમવાર મુસાફરી કરનારની વધતી જતી સંખ્યા અને વધતી જતી એરપોર્ટની સંખ્યા (છેલ્લા દસ વરસમા ૭૦માથી વધીને ૧૪૦થી પણ વધુ) જવાબદાર ગણાય. પરિણામે વધુ આજે અમેરિકા અને ચીન પછી ભારત ત્રીજા નંબરનું સૌથી મોટું વિમાની મુસાફરી માટેનું બજાર બન્યું છે. આ બાબતે ભારતમાં થઈ રહેલ વધારો વિશ્વભરમા સૌથી વધુ ઝડપી છે. પીએમઆઇનો વધારો સેવા અને ઉત્પાદનના ક્ષેત્રે સતત વધતી રહેલ માંગને આભારી છે. અને આ જ કારણે ભારતે વિશ્વમા સૌથી વધુ ઝડપથી વિકસતા અર્થતંત્રનું બિરૂદ જાળવી રાખ્યું છે. ચાલુ વરસે ભારતના આર્થિક વિકાસનો દર ૭.૫થી ૮ ટકાનો રહેવાની સંભાવના છે. મજબૂત મેક્રો-ઇકોનોમિક પેરામીટર્સ હોવા છતા ભારત સતત વધતા જતા વૈશ્વિક પડકારો અને જોખમોથી અલિપ્ત ન જ રહી શકે. સતત વધતો રહેતો જીઓ-પોલિટિકલ તણાવ, તેની ભાવવધારા પર પડતી વિપરિત અસર અને તેને કારણે વિદેશવેપારમા પડતું ભંગાણ ભારતના આર્થિક વિકાસના દર પર બ્રેક મારી શકે.

**સંરક્ષણ ખર્ચમાં ભારત વિશ્વમાં ચોથા નંબરે**

સ્ટોક હોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટના એક અહેવાલ પ્રમાણે ૮૪ બિલ્યન ડોલરના વાર્ષિક ખર્ચ સાથે ભારત વિશ્વના દેશોમાં સંરક્ષણ ખર્ચ બાબતે સૌથી મોટો ચોથા નંબરનો દેશ છે. પ્રથમ ત્રણ સ્થાને અમેરિકા (૯૧૬ બિલ્યન ડોલર), ચીન (૨૯૬ વિદયન ડોલર) અને રશિયા (૧૦૯ બિલ્યન ડોલર) આવે છે.

વિશ્વના જુદા જુદા પ્રદેશો (એશિયા, યુરોપ,ઓસીઆનીયા અને મીડલ ઇસ્ટ)મા ચાલી રહેલ સંઘર્ષને કારણે વિશ્વનું મીલીટરી ખર્ચ સતત નવ વરસથી વધી રહ્યું છે ૨૦૨૩મા સાત ટકાના વધારા સાથે આ ખર્ચ ૨૪૪૩ બિલ્યન ડોલરે પહોંચ્યું છે. આ વધારો ૨૦૦૯ પછીનો સૌથી મોટો વધારો છે. ચીન અને અમેરિકા આ બે દેશોનો હિસ્સો વિશ્વના મીલીટરી ખર્ચમાં ૫૦ ટકા જેટલો છે. રશિયા અને ભારતનુ સંરક્ષણ ખર્ચ ઉમેરીએ તો આ હિસ્સો લગભગ ૬૦ ટકા જેટલો મોટો છે.

આપણે આપણા કુલ અંદાજપત્રના ૧૫ ટકા ખર્ચ સંરક્ષણ પાછળ કરવો પડે છે. એટલું જ નહીં, દર વરસે આ ખર્ચ વધારતા રહેવું પડે છે. જે બિનઉત્પાદક પણ અતિઆવશ્યક અને અનિવાર્ય ગણાય એવો ખર્ચ છે.

પાકિસ્તાન અને ચીનથી ઘેરાયેલ ભારત માટે સંરક્ષણ ક્ષેત્રે સ્વાવલંબી બનવું એ પણ એક પાયાની જરૂરિયાત છે. સંરક્ષણ પાછળનો આટલો મોટો ખર્ચ આપણા માટે મોટા બોજારૂપ છે પણ આપણે તે કરવા માટે મજબૂર છીએ. એનો અડધો ખર્ચ પણ ઓછો થાય તો આપણું મૂડીરોકાણ આપણે વધારે શકીએ અને તે પણ આપણા મર્યાદિત ફીસ્કલ સાધનો પર વધારાનો ભાર નાંખ્યા સિવાય. પણ પાકિસ્તાન



અને ચીનના ભારત પ્રત્યેના વલણને લીધે આ ખર્ચ ઘટાડવો શક્ય નથી. આ વાસ્તવિકતા સ્વીકારીને જ ચાલવું રહ્યું. ‘મેક ઇન ઇન્ડિયા’ના સ્લોગન અન્વયે ભારતે દેશમા સંરક્ષણના સાધનોનું ઉત્પાદન વધારવા માંડ્યું છે. જેને લીધે આપણી આયાતો ઘટી છે. એટલું જ નહીં, ભારતે આ ક્ષેત્રે નિકાસની શરૂઆત પણ કરી છે.

**રિઝર્વ બેંકની મોટી ચિંતા ક્રૂડના વધતા ભાવોની છે.**

વિશ્વમાં પ્રવર્તતી અનેક અનિશ્ચિતતાઓ વચ્ચે કોર ઇન્ફ્લેશન બાબતે રિઝર્વ બેંકને ખાદ્ય પદાર્થોના ભાવવધારા કરતા ક્રૂડના ભાવવધારાની ચિંતા વધુ છે ખાદ્ય પદાર્થોના ભાવવધારા કરતા ક્રૂડના ભાવ વધારાથી કોર ઇન્ફ્લેશન વધુ પ્રભાવિત થાય છે ક્રૂડ ઓઇલના /ખાદ્ય પદાર્થોના કામચલાઉ આંચકાઓને કારણે કંપનીઓ તેમની ઇનપુટ કોસ્ટ વધતા ગ્રાહકોને અપાતી ચીજ વસ્તુઓના ભાવ વધારે છે એટલે કોર ઇન્ફ્લેશન પણ ટાઇમલેગ સાથે વધે છે. ક્રૂડ ઓઇલની વોલેટિલિટી (ભાવોની વધઘટ) ઓછી થઈ છે તો પણ તેની મોટી અસર કોર ઇન્ફ્લેશન પર પડે છે. ૧૯૯૦ના દાયકામા ખાદ્યપદાર્થોના ભાવોની જે અસર કોર ઇન્ફ્લેશન પર થતી હતી તે લાંબે ગાળે હવે ઘટી છે પણ ક્રુડના ભાવોની અસર કોર ઇન્ફ્લેશન પર લાંબો સમય રહે છે .

**વિશ્વમાં વ્યાજના દર વધુ સમય માટે ઊંચા રહેશે**

વિશ્વ બેંકના એક રિપોર્ટ પ્રમાણે મિડલ ઇસ્ટ ના સંઘર્ષને જોતા વૈશ્વિક ભાવવધારાની પરિસ્થિતિ ખરાબ થઈ શકે. તેમ થાય તો વ્યાજના દર ૨૦૨૪ અને ૨૦૨૫મા અપેક્ષા કરતા ઊંચા રહી શકે. સાર્વત્રિક ભાવઘટાડા માટે ચીજવસ્તુઓના ભાવોનો ઘટાડો અતિ મહત્વનો છે આ ઘટાડો ધીમો પડ્યો છે એટલે વ્યાજના દર ઉંચા રહેવાનો અંદાજ મુકાય છે. ક્રૂડના ભાવો સતત વધતા રહે તો છેલ્લા બે વર્ષમાં થયેલ ચીજવસ્તુઓના ભાવોનો ઘટાડો ધોવાઈ જઈ શકે. આ અભ્યાસ પ્રમાણે ૨૦૨૪મા ચીજવસ્તુઓના ભાવો ત્રણ ટકા જેટલા અને ૨૦૨૫મા ચાર ટકા જેટલા ઘટી શકે. તોય તેની ઓવરઓલ ભાવવધારા પર ધારી અસર ન પણ થાય અને ચીજ વસ્તુઓના ભાવો કોરોના પહેલાના પાંચ વર્ષની સરેરાશ કરતા ૩૮થી ૪૦ ટકા ઊંચા રહી શકે પરિણામે રિઝર્વ બેંક વ્યાજના દર ચાલુ વર્ષના ઉત્તરાર્ઘ પહેલા નહીં ઘટાડે . તેવી જ રીતે ફેડરલ રિઝર્વ પણ લાંબા સમય માટે ઊંચા દર જાળવી રાખશે વિશ્વ બેંકના અભ્યાસ પ્રમાણે ૨૦૨૪મા બ્રેન્ટ ક્રૂડના સરેરાશ ભાવ બેરલ દીઠ ૮૪ ડોલર રહેશે જે ઘટીને ૨૦૨૫મા ૭૯ ડોલર થઈ શકે .

> **ચાલુ વરસે ભારતના આર્થિક વિકાસનો દર ૭.૫થી ૮ ટકાનો રહેવાની સંભાવના છે. મજબૂત મેક્રો-ઇકોનોમિક પેરામીટર્સ હોવા છતા ભારત સતત વધતા જતા વૈશ્વિક પડકારો અને જોખમોથી અલિપ્ત ન જ રહી શકે. સતત વધતો રહેતો જીઓ-પોલિટિકલ તણાવ, તેની ભાવવધારા પર પડતી વિપરિત અસર અને તેને કારણે વિદેશવેપારમા પડતું ભંગાણ ભારતના આર્થિક વિકાસના દર પર બ્રેક મારી શકે.**

**ભારતની સેવાઓની નિકાસમા ૧૧ ટકાનો વધારો**

વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ૨૦૨૩મા ભારતની સેવાઓની નિકાસમાં ૧૧ ટકાનો વધારો થયો (૩૪૫ બિલ્યન ડોલર) જ્યારે તેની આયાતમાં નજીવો ૦.૪ ટકાનો ઘટાડો થયો (૨૪૮ બિલ્યન ડોલર). આમ સેવાઓની નેટ નિકાસે (૯૭ બિલ્યન ડોલર) આપણી કરંટ એકાઉન્ટ ડેફીસીટ સુધારવામા મદદ કરી. આ જ ગાળામા ચીનની સેવાઓની નિકાસ ૧૦ ટકા જેટલી ઘટી (૩૮૧ બિલ્યન ડોલર). સમગ્ર વિશ્વની સેવાઓની કુલ નિકાસ ૯ ટકાના વધારા સાથે આઠ ટ્રીલીયન ડોલર જેટલી હતી. આમ સેવાઓની વૈશ્વિક નિકાસમા ભારતનો હિસ્સો વધીને ૪.૪ ટકા થયો. આ સેવાઓમા ટ્રાવેલ, ટ્રાન્સપોર્ટ, તબીબી ક્ષેત્ર અને હોસ્પિટાલિટી (હોટલ વગેરે) નો સમાવેશ થાય છે

આપણી માળખાકીય સવલતો સુધરતી જાય છે .તે સાથે સરકાર તરફથી ટુરીઝમ ક્ષેત્રને અપાઈ રહેલ અગ્રક્રમને કારણે ભવિષ્યમા આપણી સેવાના ક્ષેત્રની હરિફશક્તિ વધશે. જેને કારણે પણ સેવાઓની નિકાસમા વધારો થશે .

**અમેરિકાનો વિકાસદર ધીમો પડ્યો**

માર્ચ ક્વોર્ટરમા અમેરિકાના આર્થિક વિકાસનો દર (૧.૬ ટકા) બે વર્ષનો સૌથી નીચો હતો. ડિસેમ્બર ૨૦૨૩ના ક્વોર્ટરમા આ દર ઉંચો (૩.૪ ટકા) હતો. ગ્રાહકોની મજબૂત માંગને કારણે આયાતો વધતા અમેરિકાની વેપાર ખાધ વધી; તો ભાવ વધારાનો દર વધતા ફેડરલ રિઝર્વ વ્યાજના દર ઘટાડવાની શરૂઆત સપ્ટેમ્બર પહેલા નહીં કરે તેવો અંદાજ મુકાય છે.

**ભારતનું અર્થતંત્ર મજબૂત બનતું જાય છે**

આર્થિક વિકાસના ઊંચા દર અને પ્રમાણમા ભાવોની સ્થિરતાને કારણે ઈમર્જિંગ દેશોમા ભારતનો દેખાવ સારો રહ્યો છે.હમણા પૂરા થયેલ ફીસ્કલ ‘૨૪મા પ્રત્યક્ષ કરવેરાની આવકમાં ૧૮ ટકાના વધારા (લગભગ ૨૦ લાખ કરોડ રૂપિયા) સાથે દેશની રાજકોષીય સ્થિતિ મજબૂત બની છે. અંદાજિત આવક કરતા પણ આ આવક વધુ છે. આવકવેરાનો ૨૫ ટકાનો વધારો નાગરિકોની આવકનો વધારો સૂચવે છે તેમજ આપણો કરવેરાનો બેઝ વિસ્તૃત બન્યો હોવાનો નિર્દેશ કરે છે; એટલે કે વધુ લોકો આવકવેરો ભરતા થયા છે. વધુને વધુ લોકો આવકવેરો ભરતા થાય તો સરકારી ખર્ચ, ખાસ કરીને જાહેર ક્ષેત્રે મૂડીરોકાણ, વધારી શકાય. આ એક મોટો માળખાકીય ફેરફાર છે . ૨૦૪૭મા ભારત વિકસિત દેશ બને તે માટે આવા વધુને વધુ માળખાકીય ફેરફારોની જરૂર છે.

# 60 વર્ષમાં સોનુ રૂ. 64થી રૂ. 73500 થયું

**કોમોડિટી વોચ**

સોનું એક પરંપરાગત રોકાણનો વિકલ્પ રહ્યું છે. ભારતીયોનું આ પીળી ધાતુ પ્રત્યે આકર્ષણ સદીઓ જૂનું છે. તેને લોકો મુશ્કેલ સમય માટે પણ રાખે છે. છેલ્લા કેટલાક સમયમાં તેણે અન્ય એસેટ ક્લાસના મુકાબલે સારૂ પ્રદર્શન કર્યું છે. 73000 રૂપિયાના લેવલને પાર કરી તે ધીમે ધીમે 74000 રૂપિયા પ્રતિ 10 ગ્રામના નવા સ્તર તરફ વધી રહ્યું છે. સોનાની કિંમતો ઘણીવાત પર નિર્ભર કરે છે. તેમાં માંગ અને સપ્લાય, વૈશ્વિક અર્થવ્યવસ્થાની સ્થિતિ, મોંઘવારી, રાજનીતિક અને ભૂ-રાજનીતિક અસ્થિરતા, ડોલરની કિંમત, તહેવાર અને લગ્નની સીઝન, વ્યાજ દરો અને સરકારી નીતિઓ સામેલ છે. છેલ્લા છ દાયકામાં સોનાએ લાંબી સફર કાપી છે. આવો જાણીએ આ દરમિયાન ક્યારે-ક્યારે કઈ વાતોએ પીળી ધાતુઓની કિંમતો પર અસર કરી છે.

બ્રેટન વુડ્સનો દોર ખતમ થયો હતો. આજે પણ બ્રેટન વુડ્સને આંતરરાષ્ટ્રીય આર્થિક સહયોગ અને વૈશ્વિક નાણાકીય સ્થિરતા માટે એક મહત્વપૂર્ણ પાયાનો પથ્થર માનવામાં આવે છે. તેણે આંતરરાષ્ટ્રીય નાણાકીય સિસ્ટમ માટે ઘણી સ્થાયી સંસ્થાઓ અને માળખાની સ્થાપના કરી જે આજે પણ યથાવત છે. ફિક્સ્ડ એક્સચેન્જ રેટ બન્યો. તેમાં યુનિવર્સલ સ્ટાન્ડર્ડ તરીકે સોનાને રાખવામાં આવ્યું.

ઈરાની ક્રાંતિ બાદ મિડલ ઈસ્ટમાં આ સંકટનો સમય હતો. આ ક્રાંતિને ઈસ્લામિક ક્રાંતિ કે એનેલાબ-એ એસ્લામીના નામે ઓળખવામાં આવે છે. આ 1978-1979માં ઈરાનમાં થયેલી લોકપ્રિય ક્રાંતિ હતી. આ ક્રાંતિએ શાહ મોહમ્મદ રેઝા પહલવીની સત્તાવાદી સરકારને ઉખેડી ફેંકી હતી. રૂહોલ્લાહ ખોમૈનીના નેતૃત્વમાં એક ઈસ્લામિક ગણરાજ્યની સ્થાપના થઈ હતી.

19 ઓક્ટોબર 1987ને બ્લેક મંડેના નામથી ઓળખવામાં આવે છે. આ અમેરિકી ઈતિહાસમાં એક દિવસમાં શેર બજારમાં સૌથી ખરાબ ઘટાડો હતો. આ દિવસે ડોવ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજમાં 22.6 ટકાનો ઘટાડો થયો હતો. આ એક દિવસમાં અત્યાર સુધીનો સૌથી મોટો ઘટાડો હતો.

1998માં વૈશ્વિક અર્થવ્યવસ્થા અને નાણાકીય બજારોમાં ઘણી મહત્વપૂર્ણ ઘટનાઓ જોવા મળી. તેનો કેન્દ્રીય બેન્કો પર મહત્વપૂર્ણ પ્રભાવ પડ્યો. તેમાંથી એક નાણાકીય સંકટ પણ



હતું. 1997ના અંતમાં શરૂ થયેલ આ સંકટ થાઈલેન્ડમાં એક મુદ્રા સંકટના રૂપમાં શરૂ થયું હતું. પછી તે જલ્દી એશિયામાં ફેલાય ગયું. ઘણા એશિયન દેશની મુદ્રાઓનું અવમૂલ્યન થયું. તેના કારણે બેન્કિંગ સંકટ, વ્યવસ્થાઓની નિષ્ફળતા અને વ્યાપક આર્થિક મંદી આવી. કેન્દ્રીય બેન્કોએ બજારોને સ્થિર કરવા અને અર્થવ્યવસ્થાઓને સમર્થન આપવા માટે હસ્તક્ષેપ કર્યો. તેમાં વ્યાજદરમાં ઘટાડો, રોકડ પ્રદાન કરવી અને બચાવ પેકેજ સામેલ હતા.

2008નું સબપ્રાઈમ મોર્ગેજ સંકટ ગંભીર નાણાકીય સંકટ હતું. તેણે અમેરિકા અને વૈશ્વિક અર્થવ્યવસ્થાઓને હચમચાવી દીધી હતી. આ ઉચ્ચ-જોખમવાળી લોનની વધતી સંખ્યાથી શરૂ થયું, જે તે ઘર ખરીદનારાને આપવામાં આવી જેની ક્રેડિટ ગુણવત્તા ઓછી હતી. જ્યારે તે ચૂક કરવા લાગ્યું તો તેણે નાણાકીય સિસ્ટમમાં એક ચેન રિએક્શન શરૂ કરી દીધું. તેના કારણે વ્યાપક આર્થિક મંદી અને વૈશ્વિક નાણાકીય સંકટ આવ્યું. દિગ્ગજ ઈન્વેસ્ટમેન્ટ બેન્ક લીમન બ્રધર્સના પતનથી તેની શરૂઆત થઈ હતી.

> **2012માં 31500 હતું, તે 2024માં ડબલથી વધીને રૂ.73500 થઇ ગયું**

2009માં શરૂ થયેલું યુરોપીયન સોવરેન ડેટ ક્રાઈસિસ 2012માં વધુ ગાઢ બન્યું. તેણે યુરોપીય યુનિયન અને યુરોની મુદ્રાને ગંભીર સંકટમાં મુકી દીધી.

2019માં મિડલ ઈસ્ટમાં ચિંતા વધી હતી. તેનાથી સોનાની કિંમતોમાં વધારો જોવા મળ્યો હતો.

દુનિયાભરમાં કોરોનાની મહામારીએ હાહાકાર મચાવી દીધો હતો. સ્થિતિ બેકાબૂ થઈ ગઈ હતી.

ચીન તરફથી સોનાની માંગ વધી ગઈ છે. બીજી કેન્દ્રીય બેન્કો પણ પીળી ધાતુને ખરીદી રહી છે. અમેરિકી કેન્દ્રીય બેન્ક ફેડરલ રિઝર્વ તરફથી વ્યાજદર ઘટાડવાની આશા છે. આવનારા દિવસોમાં સોનામાં તેજી ચાલશે કે કેમ તે અંગે વિશ્લેષકોનું કહેવું છે કે સોનાની કિંમતો નજીકના ભવિષ્યમાં અસ્થિર રહી શકે છે. જોકે, કેટલાક નિષ્ણાતોએ 2030 સુધીમાં સોનાની કિંમત સવા લાખથી વધુ થવાની આશા વ્યક્ત કરી છે.

આંતરરાષ્ટ્રીય ઘટનાઓ જેવી કે યુક્રેનમાં યુદ્ધ, વૈશ્વિક અર્થવ્યવસ્થાની સ્થિતિ અને યુએસ મોનેટરી પોલિસી જેવા કારણોથી સોનાની કિંમતો પ્રભાવિત થશે. બીજી તરફ, સ્થાનિક તહેવારો અને લગ્નના સમયમાં સોનાની માંગ વધી શકે છે, જેનાથી કિંમતોમાં તેજી આવી શકે છે.